

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*મોટા જ્ઞાતિ-સમાજની દાસ છે લોકશાહી!*
*પંથ-ધર્મ દ્વારા પામે, નાશ છે લોકશાહી!*
*પાશમાં છે લોકશાહી, બાહુબલિ - ધનિકોના -*
*વારસાઈ સત્તાનો આભાસ છે લોકશાહી!*
*(બંધારણ બૂરખે સરમુખત્યારી)*

### હાઈકુ

*ખેંચાય ગાડું,*
*મુખત્યાર શાહીનું -*
*બે બળદોથી...*
*(ધર્મ - સમાજ ચાબુકે)*

*પટાવે પૂંછ,*
*સંગઠનના શ્વાન -*
*સત્તા ટૂકડે...*
*(ગાજર - લોલુપો)*

### ચિંતન

*મરણે સમ્ભવે ચૈવ ગત્યાગમનયોરપિ ।*
*સ્થિતૌ સર્વશરીરેષુ આકાશેના વિલક્ષણઃ ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવાયેલ છે.

મૃત્યુ, જન્મ, (પરલોકમાં) ગમન, આગમન અને સ્થિતિની બાબતમાં પણ સર્વ શરીરોમાં (રહેતો) આત્મા આકાશથી જુદો (વિલક્ષણ) નથી.

આત્માને આકાશ સાથે સરખાવતા કહે છે કે જેમ ઘટાકાશની ઉત્પત્તિ તેમજ ઘડો ફૂટી જતાં ઘટાકાશનો નાશ, ઘડાને અન્ય સ્થળે લઈ જતા તે ઘટકોશની ગતિ કે તેને પાછો લાવતા ઘટાકાશનું આગમન વગેરે કશું જ આકાશ ને લાગું પડતું નથી. તેમ શરીરના જન્મ-મૃત્યુ કે જીવાત્માનું પરલોક ગમન, પુનરાગમન વગેરે ક્રિયાઓથી આત્મા અસ્પૃષ્ટ નિર્લેપ રહે છે. જેમ આકાસ એક અને નિરવયવ છે. જેને ઉપાધિજન્ય ઘટાકાશ - મઠાકાશના જન્માદિ સ્પર્શતા નથી. તેમ ઉપાધિજન્ય શરીરાદિનાં જન્મમૃત્યુ વગેરે એકમેક નિષ્કલ એવા આત્માને સ્પર્શતા નથી.

### સુવિચાર

- સબકુછ ચાહને સે હાસિલ હો જાયે, યે મુમકિન નહીં, યે જીંદગી હૈ, પિતા કા ઘર નહીં - **ઈકબાલ પટેલ**
- ‘જીદ’ની એક ગાંઠ છૂટી જાય તો ગુંચવાયેલા બધા સંબંધો ‘સીધા દોર’ થઈ જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- મૌનનો અનુવાદ કરવા, શબ્દોની સંસ્થા આખી આવી,
  ઘોંઘાટને કયાં ખબર છે, એકાંત શું છે? - **અવની રાવલ**
- થોડીક મહેનત તો કરી બતાવતું, જે નથી તારા નસીબમાં એ
  પાના તારાં પ્રયત્નો છાપશે - **એસ. એસ. રાહી**
- જે પ્રાપ્ત છે તે જ પર્યાપ્ત છે, આ એક જ લીટીમાં સુખનો સાર છે - **સ્નેહા પટેલ**
- સંબંધનું ક્ષેત્રફળ માપવાનું સમીકરણ થોડું અલગ હોય છે, લંબાઈ ને પહોળાઈ માપવામાં આ આખી દુનિયા ઊંડાઈ જ ભૂલી જાય છે - **અલતાફ પટેલ**
- આજનું ઔષધ : ગાયનું ઘી માથામાં ચોળી એક કલાક બાદ વાળ ધોવાથી વાળ મુલાયમ ચમકદાર અને કાળા થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ધર્માનંદ કોસ્મબીજી પાલી ભાષાનો અભ્યાસ કરવા બ્રહ્મદેશમાં હતા ત્યાંના શિક્ષણ સંસ્થાના આચાર્ય ત્રિલોકાચાર્ય શિસ્તમાં માનતા હતા. ત્રિલોકાચાર્ય એ સંસ્થા માટે એક નિયમ એવો ઘડ્યો હતો કે દરેક વિદ્યાર્થીએ સવારના પાંચ વાગે ઉઠી જવું. જે વિદ્યાર્થી મોડો ઊઠે તેને નદીમાંથી દસ ઘડા પાણી ભરી લાવી શાળાના બગીચાના વૃક્ષો તથા છોડવાઓને પાવું.

એકવાર ધર્માનંદ કોસમ્બી સવારમાં બગીચામાં આવ્યા તો તેમણે જોયું કે ત્રિલોકાચાર્ય ખુદ બગીચામાં પાણી પાઈ રહ્યા હતા. પરસેવે રેબઝેબ ત્રિલોકાચાર્યને પાણી પાતા જોઈને તરત ધર્માનંદે પુછ્યું. ‘ગુરુજી તમે શા માટે પાણી પાઓ છો? લાવો હું ઝાડને પાણી પઉં.’ આચાર્યએ કહ્યું, ‘ભાઈ, આજે મેં સંસ્થાના નિયમનો ભંગ કર્યો છે આજે હું મોડો ઉઠ્યો છું.’


ધર્માનંદે કહ્યું, ‘પણ તમે તો સંસ્થાના આચાર્ય છો, તમે કંઈ વિદ્યાર્થી નથી, આ નિયમ તો અમારા માટે છે તમારા માટે નહીં.’ આચાર્યએ કહ્યું, ‘ભલે નિયમ વિદ્યાર્થી માટે રહ્યો પણ એ નિયમનો ઘડનાર તો હું જ છું ને! જો નિયમનો ઘડનાર જ જો નિયમ ન પાળે તો એ નિયમ બીજા પાસે પળાવવાનો એને કશો અધિકાર રહેતો નથી. નિયમ ઘડનારાએ તો નિયમને સૌપ્રથમ માન આપવું જોઈએ.’

# વ્હાઈટ હાઉસ માત્ર સત્તાને ઓળખે છે

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના બહુચર્ચિત ડોલાન્ડ ટ્રમ્પનાં ઉદ્યોગસાહસિક પુત્રી ઈવાન્કાએ હૈદરાબાદમાં ઈન્ટરનેશનલ આંત્રપ્રિન્યોર સમિટમાં કરેલ કેટલાંક નિવેદનો ભારત-અમેરિકા વચ્ચેના સૌહાર્દપૂર્ણ સંબંધોની આલબેલ પોકારો છે. આ યુવાન મહિલાએ પરાક્રમી પિતાના કારોબાર જેટલો જ રસ રાજકારણમાં દાખવી ‘વ્હાઈટ હાઉસ’માં પોતાની એક આગવી ઈમેજ ઊભી કરી છે. આજકાલ એમનું નામ વિશ્વની નામાંકિત હસ્તીઓમાં ઉમેરાઈ ગયું છે. જે મહિલાએ પિતાના પગલે ચાલીને એમનાં બેઉ સામ્રાજયોમાં યશસ્વી પ્રદાન કર્યું છે એને આપણે વંશવારસાની જ વ્યાખ્યામાં મૂકીશું કે સ્વતંત્ર પ્રગતિના દૃષ્ટાંત સ્વરુપે નિહાળીશું ? વડાપ્રધાન નરેન્દ્ર મોદી વંશવારસાગત પ્રગતિની કડક ટિકા કરતાં રહ્યા છે ત્યારે એમની બેશુમાર પ્રસંશા કરનાર ઈવાન્કાને પણ તેઓ નહેરુ ગાંધી પરિવારના વારસદાર રાહુલ ગાંધીની પંગતમાં મૂકશે ખરા ? ઈવાન્કાએ મોદીની પ્રગતિ વિશે કેટલો સરસ અને પોઝિટિવ અભિપ્રાય ઉચ્ચાર્યો છે ! એક ચા વાળાથી શરૂ કરેલી કારકિર્દી વડાપ્રધાન પદ સુધી પહોંચે તે ખરેખર જ પુરુષાર્થની મહાન ગાથા છે. ઈવાન્કા પાસેથી આપણા રાજકારણીઓએ સામા માણસના સદ્ગુણોની યોગ્ય પ્રશંસા અને કદર કરવાનું શીખવા જેવું છે. ભારત વિશે એ પરંપરાગત પાશ્ચાત્ય અભિપ્રાય નથી ધરાવતી બલકે એને આધુનિક વિશ્વના મહત્ત્વના લોકશાહી રાષ્ટ્ર તરીકે સ્વીકારે છે અને ચંદ્રયાન તથા મંગળ મિશનનો હવાલો આપી વિજ્ઞાન ક્ષેત્રે ભારતની સિદ્ધિઓને ઉદારતાપૂર્વક બિરદાવી જાણે છે. આપણા નેતાઓમાં આવું ઉદાર વલણ કયારે પ્રગટશે ? વડાપ્રધાન મોદી પ્રથમ વડાપ્રધા પ્રધાન પં. જવાહરલાલ નહેરુને નવા સવા સ્વતંત્ર બનેલા દેશને મજબૂત લોકશાહી તરીકે વિશ્વના નકશામાં સ્થાન અપાવેલું એવું ઐતિહાસિક સત્ય પણ ન સ્વીકારી શકતા હોય તો તે આપણી લોકશાહીની કમનસીબી જ લેખાશે. રાહુલ ગાંધીએ ગુજરાતની ચૂંટણી પ્રચારમાં કયાંક વડાપ્રધાન મોદીની ગરિમાને ઝાંખપ લાગે એવા શબ્દો ભૂલથી પણ નહીં ઉચ્ચારવાની કાર્યકર્તાઓને તાકીદ કરી છે. નેતાઓ એકમેક પર કાદવ જ ઉછાળશે તો બહારની દુનિયા આપણા દેશ વિશે શું વિચારશે ? ઈવાન્કાએ પોતાના પિતાની વિવાદાસ્પદ ઈમેજને સુધારવાના પ્રયાસ લેખે બહુ જ સુંદરન નિવેદન કર્યું છે : ‘હું ભારતને કહેવા માંગુ ચું કે વ્હાઈટ હાઉસમાં તમારો સાચો મિત્ર બેઠો છે.’ ડોનાલ્ડ ટ્રમ્પને જાણનારા તો સમજે જ છે કે એમના રાજ્યારોહણ પછી અમેરિકાએ ઘણા ભારતીયોને નવરા કરી મૂકયા છે. ‘અમેરિકા ફર્સ્ટ’ ની સંકુચિત નીતિને કારણે દુનિયાભરમાં અમેરિકાની ઈમેજ અને પ્રભાવ ખંડિત થયેલ છે. આવા સંકુચિત રાષ્ટ્રવાદને લીધે ટ્રમ્પને કદાચ અમેરિકન ધોળિયાઓનું સમર્થન મળતું રહેશે પણ એની જુગ જૂની જમાદારી ઢીલી પડશે અને વિકાસશીલ તથા દરિદ્ર રાષ્ટ્રો એની આમન્યા નહીં જાળવે તે નક્કી છે. એ સંદર્ભે અમેરિકાના પ્રથમ બ્લૅક રાષ્ટ્રપ્રમુખ બરાક હુસેન ઓબામા વધુ લોકપ્રિય રહેશે. વ્હાઈટ હાઉસમાં બેઠેલા જોહન એફ. કેનેડી અને પં. જવાહરલાલ નહેરુની મૈત્રીએ ૧૯૬૨ના ચીની આક્રમણ વખતે ભારતની ઢાલ બનીને ચીનને યુદ્ધવિમાર માટે મજબૂર કર્યું હતું. ટ્રમ્પ ભારત અને ચીન બેઉને પંપાળે છે. ભારતે ભૂલથી પણ અમેરિકાની ટીકા નથી કરી જયારે ચીન તો છાશવારે ફૂંફાડા મારતું રહે છે. આમ છતાં ઊભરતી મહાસત્તા તરીકે ચીનને પડકારવાને બદલે સાચવી લેવામાં જ અમેરિકાને શાણપણ વરતાયું છે. ઓબામા અને મોદીની કેમિસ્ટ્રી જે હદે મળતી હતી એની સામે ટ્રમ્પ અને મોદીની કહેવાતી મૈત્રી ફક્ત ઔપચારિક છે. એ સાચું કે મોદીએ યેનકેન પ્રકારેણ, સવિશેષ અમેરિકાવાસી સમૃદ્ધ ગુજરાતીઓના માધ્યમથી વ્હાઈટ હાઉસ સાથે સાનુકૂળ સંબંધો વિકસાવ્યા છે. આ સિદ્ધિ એમને ગુજરાતની ચૂંટણીમાં પણ મદદરુપ બને તેવી સંભાવના નકારી શકાય એમ નથી. ગુજરાતમાં રાત-પરોઢિયાં કરીને પણ મોદી ભાજપનો ભગવો ફરકતો રાખવા મથે છે. સામા પક્ષે રાહુલ ગાંધી પણ એમની કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તાજપોશી થાય એ પૂર્વે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન સ્થાપવાની મહત્ત્વાકાંક્ષા સાથે ગુજરાત ધમરોળી રહ્યા છે. બેઉ નેતાઓ સત્તાની સંતાકૂકડી રમી રહ્યા છે ત્યારે નસીબની દેવી અથવા ઈવીએમ નામનો દેવ કોના પર કળશ ઢોળે છે તે જોવું રસપ્રદ બની રહેશે. રાહુલ ગાંધી સફળ થતા વરતાશે તો કદાચ એમને અભિનંદન આપતો પહેલો વિદેશી ફોન ઈવાન્કા ટ્રમ્પનો હશે!

# શ્રીમદ્ ભગવદ્ ગીતાની ખાસ વિશેષતાઓ






**પ્રસંગસર**

પી.એમ. પરમાર

સમગ્ર વિશ્વમાં ‘શ્રીમદ્ ભગવદ્ ગીતા’ - એક માત્ર એવો ધર્મગ્રંથ છે જેની છેલ્લાં ૫૧૧૯ વર્ષની શ્રદ્ધાપૂર્વક જન્મજયંતિ ભારતવર્ષમાં ધામધૂમથી ઉજવવામાં આવે છે ગીતાનો અનુવાદ વિશ્વની તમામ પ્રમુખ ભાષાઓમાં થયો છે. હિંદુ ધર્મનો ધર્મગ્રંથ હોવા છતાં ગીતામાં એક પણ વખત ‘હિંદુ’ શબ્દનો ઉલ્લેખ થયો નથી એ દર્શાવે છે કે તે વૈશ્વિક ગ્રંથ છે.

શ્રીમદ્ ભગવત્ ગીતાનું કુલ ૭૦૦ શ્લોકો છે, ૯૪૧૧ શબ્દો છે, ૨૪૪૪૭ અક્ષરો છે. અનુષ્ટુપ છંદમાં ૬૪૫ શ્લોકો છે, બાકીના ૫૫ શ્લોકો ત્રિટુપ, ઈન્દ્રવજા, ઉપેન્દ્રવજા, બૃહતી, જગતી જેવા અલગ-અલગ છંદોમાં છે; જેમાં - શ્રીકૃષ્ણ ૫૭૫ શ્લોક, શ્રી અર્જુન - ૮૫, સંજય - ૩૯ અને ધૃતરાષ્ટ્ર - ૧ શ્લોક બોલ્યા છે. કુલ ૫૯ ઉવાચ છે. જેમાં શ્રીકૃષ્ણ - ૨૮, અર્જુન ૨૧, સંજય ૯ અને ધૃતરાષ્ટ્ર - ૧ ઉવાચ છે.

ગીતામાં ૧ થી ૬ અધ્યાયમાં કર્મ, ૭ થી ૧૨ અધ્યાયમાં ભક્તિ અને ૧૩ થી ૧૮ અધ્યાયમાં મુખ્યત્વે જ્ઞાનનું સુંદર વર્ણન છે. ગીતાના ૧૮ અધ્યાયના ૧૮ યોગ છે જેમ કે : કર્મયોગ, સાંખ્યાયોગ વગેરે. આ ઉપરાંત અભ્યાસયોગ, ધ્યાનયોગ, બ્રહ્મયોગ જેવા અન્ય યોગો મળી કુલ૩૦ યોગોનું વર્ણન છે. ગીતાના દરેક અધ્યાયના અંતે જે લીટીઓ છે તેને પુષ્ટિકા કહે છે. આવી ૧૮ પુષ્પિકાઓના કુલ ૨૩૪ શબ્દો છે જેના કુલ અક્ષરો ૮૯૦ છે. આ પુષ્પિકામાં ગીતા એ યોગશાસ્ત્ર છે, બ્રહ્મવિદ્યા છે અને ઉપનિષદ છે. આથી વેદ-ઉપનિષદ અને ગીતાને પ્રસ્થાનત્રયી પણ કહે છે. આપણી અદાલતોમાં પણ ગીતા ઉપર હાથ મૂકી સત્ય બોલવાનું વચન લેવાય છે. આવી અધિકૃતિ વિશ્વના બીજા કોઈ ધર્મગ્રંથને પ્રાપ્ત થઈ નથી.

ગીતા - વિશે એક ગુજરાતી ભાષામાં જ આજે ૨૫૦ પુસ્તકો ઉપલબ્ધ છે. જે ગીતાની મહત્તા દર્શાવે છે, જેમાં ગુણવંત શાહનું શ્રીકૃષ્ણનું જીવન સંગીત, આઠવલેજીનું ગીતામૃતમ્, સાવળકરજીનું ગીતાબોધ, ગાંધીજીનું અનાસક્તિ યોગ, કિશોર મશરૂવાળાનું ગીતામંથન; ઈસ્કોનનું ગીતા તેના મૂળ રૂપે અને વિનોબા ભાવેનાં ગીતા પ્રવચનો - જેવાં પુસ્તકો મુખ્ય મુખ્ય છે.

“જયાં યોગેશ્વર શ્રીકૃષ્ણ છે અને જયાં ધનુર્ધારી અર્જુન છે ત્યાં લક્ષ્મી, વિજય, ઐશ્વર્ય અને અવિચળ નીતિ છે એવો મારો મત છે.” ૧૮/૨૮

# માણસ લોખંડનો પણ હૈયુ મીણનું એટલે જય સરદાર



**મનના ઉમંગો**

રણછોડ પરમાર

એક બાજુ ચુટણીના પડઘમ વાગી રહ્યા છે, બીજી બાજુ લગ્નજીવનમાં પગલાં પાડવા ઉત્સુક વરરાજાઓની આગળ બેંડવાજા અને ડી.જે. વાળાઓ પોતાની પૂરી તાકાત લગાવીને “આજ મેરે યારકી શાદી હૈ” ગીત વગાડતા ધુમ મચાવી રહ્યા છે. આ ધાંધલ અને ધમાલની વચ્ચે મેં સરદાર પટેલનું જીવનચરિત્ર વાંચવા હાથમાં લીધું છે. મૂળ પુસ્તક શ્રી રાજમોહન ગાંધી(મહાત્મા ગાંધીના પૌત્ર) એ અંગ્રેજીમાં લખ્યું છે. શ્રી નગીનદાસ સંઘવીએ તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. ૧૯૯૧ માં તેની પ્રથમ આવૃત્તિ બહાર પડી હતી અને એક જ વર્ષમાં તેનું પુનર્મુદ્રણ કરવું પડ્યું હતું.ગુજરાતીમાં આ પુસ્તકની પહેલી આવૃતિ પ્રકાશિત થઈ હતી. મારા હાથમાં છે તે ૨૦૧૩ માં તેરમા પુનર્મુદ્રણની નકલ છે. કુલ ૨૧,૦૦૦ નકલો છપાઈ છે. હાલ બહાર પડતા પુસ્તકોની સરખામણીમાં આ આંકડો ઘણો મોટો કહેવાય. પરંતુ સરદાર સાહેબનું જીવન અને કામગીરી તથા આજના યુગમાં તેમના કાર્યોનું મહત્વ વગેરે જોતાં ગુજરાતની છ કરોડની વસતી સામે આ આંકડો તમને નાનકો નથી લાગતો?

આ પુસ્તકમાં સરદાર સાહેબનું જીવનચરિત્ર પૂરા ૫૪૦ પાનામાં બહુ વિસ્તૃત સ્વરૂપે આલેખવામાં આવ્યું છે. તેના વિશે ટૂકમાં વાત કરવી પણ બહુ અઘરી પડે. વળી હજુ તો હું અડધે પહોંચ્યો છું. છેલ્લું પાનું વાંચ્યા પછી હાલ સરદાર પટેલને જેમના દ્વારા કેવળ મત મેળવવાનું સાધન બનાવી દેવાયા છે તેઓની સામે સ્વયં શ્રી વલ્લભભાઈ પટેલનો દૃષ્ટિકોણ કેવો હતો, તે મારે જોવું છે. ચુંટણી પહેલાં ત્યાં સુધી પહોંચી શકાય તો સારું. અત્યારે હું આ લોખંડી માણસની છાતીમાં લપાયેલું હૈયું કેવી કેવી રમુજો કરી શકતું હતું તે રજૂ કરવા માંગું છું. ઈ.સ.૧૯૩૨ માં ગાંધીજી અને સરદારની ધરપકડ થઈ હતી.તેમને યરવડા રાખવામાં આવ્યા હતા. બે મહિના પછી મહાદેવભાઈ પણ નાસિકથી યરવડા આવ્યા. ગાંધીજી ૧૯૩૩ ના ઉનાળા સુધી જેલમાં રહ્યા પણ સરદાર પટેલ ૧૯૩૪ ના જુલાઈ સુધી જેલમાં રહ્યા હતા. સરદાર જેટલા કડક દેખાતા હતા એટલા જ રમુજી હતા. મહાદેવભાઈની ડાયરીમાં આ જેલવાસ દરમ્યાન નોંધાયેલા કેટલાક પ્રસંગો અહીં રજૂ કરું છું. તા-૨૯/૦૪/૧૯૩૨

મગનભાઈના(ગાંધીજીના ભત્રીજા) અવસાન વખતે લોર્ડ ઈરવિને ગાંધીજીને બહુ સરસ શોકસંદેશ લખ્યો હતો. તે વાંચીને મહાદેવભાઈ કહે,: “ આ કાગળ ન ભૂલાય તેવો સરસ છે.” તે સાંભળી વલ્લભભાઈ કહે,” મહાદેવ, તમે લડત પડતી મૂકો તો આ બધા તમારા પર આવા સરસ કાગળો જ લખે. તમે દાઢીમૂંછ રાખતા થાવ તો બધા શીખો તમારા પર ખુશ થાય.” તા-૩૧/૦૫/૧૯૩૨ આજની ટપાલમાં કોઈ મૂરખનો કાગળ આવ્યો. લેખકે બાપુને પૂછાવ્યું છે કે ‘ત્રણ મણની કાયા ધરાવતો માણસ ધરતી પર ચાલે ત્યારે કીડીઓ કચરાઈ જાય તે કેવી રીતે અટકાવી શકાય?’ વલ્લભભાઈએ તરત કહ્યું, ‘તેને લખો કે પગ માથા પર લઈને ચાલે’. તા -૨૪/૧૧/૧૯૩૨

એક જણે લખ્યું છે કે તેને વહુ ગમતી નથી કારણ કે બહુ કદરૂપી છે. વલ્લભભાઈએ બાપુને તરત સલાહ આપી કે, ‘તેને લખો કે આંખો ફોડી ને આંધળો થાય. પછી વહુ જોડે સુખચેનથી જિવાશે.’ ‘બીજાને ફરી પરણવાની ઈચ્છા હતી. તેણે લખ્યું હતું કે પરણ્યા વગરની ત્રણ દીકરીના બાપના તેના પર ઘણા ઉપકાર છે. તેની કોમમાં જુવાન છોકરાઓ મળતા નથી. તેથી પોતાની એક દીકરીને પરણવા માટે તેના પર દબાણ કરે છે.વલ્લભભાઈની સલાહ હતી કે તેણે ત્રણે છોકરીઓને પરણી જવું.’ તા-૨૪/૧૧/૧૯૩૨ આજે એક જણનો ખુલ્લો પત્ર આવ્યો, ‘તમારા(બાપુના) જમાનામાં જીવવાનું દુર્ભાગ્ય ધરાવતો’ તેવું લખીને તેણે પોતાની સહી કરી હતી. બાપુ કહે, ‘હવે આને શો જવાબ લખવો તે કહો.’ વલ્લભભાઈ કહે, ‘તેને લખો કે ઝેર ખાઈને આપઘાત કરે.’ બાપુ કહે, ‘તેના કરતાં એમ લખીએ કે તેણે મને ઝેર આપવું.’ વલ્લભભાઈ કહે ‘તેનાથી તેને કોઈ ફાયદો થવાનો નથી. તમને ઝેર આપીને મારી નાખે તો તેને મૃત્યુદંડ થાય. તો નવા અવતારે તમારી સાથે ફરી જનમ લેવો પડે. આના કરતાં તે જાતે ઝેર ખાય તે સારું થશે.’ તા-૨૭/૦૪/૧૯૩૨

બાપુ ખોરાકની લગભગ દરેક ખાવાની ચીજમાં ચપટી સોડા નાખે છે. તેથી કંઈ પણ મુશ્કેલી આવે કે વલ્લભભાઈ બોલી ઉઠે કે ‘ચપટી સોડા નાખો એટલે ઉકેલ આવી જશે.’ કોઈ પ્રસંગે જખમ છૂપાવવા રમુજનો આશરો લેવામાં આવતો. એપ્રિલની શરૂઆતમાં સમાચાર આવ્યા કે બારડોલીના થોડા ખેડુતોએ વેરો ભરી દીધો. વેરો બાકી રાખવા માટે માફી માગી. કમિશનરને હાર પહેરાવ્યો અને ‘સરકારની જય’ પોકારી. વલ્લભભાઈએ ગાંધીજીને કહ્યું ‘આપણે સરકારને લખીએ કે તમારો વિજય થયો છે તેથી હવે અમને જેલમાં રાખવાનું કોઈ કારણ નથી’

આ પ્રસંગો પરથી તમને ગાંધીજી અને સરદારના સંબંધો કેવા લાગે છે? બારડોલીનો આશ્રમ અને આસપાસના બગીચા માટે વલ્લભભાઈને ઘણી મમતા હતી. ઘણી વખત, ખાસ કરીને શિયાળામાં વલ્લભભાઈ ત્યાં આવીને અવારનવાર રહેતા.તેમણે બગીચામાં કેળાં, કેરી, ચીકુ, લીચી અને ફણસના ઝાડ તથા ગુલાબ, ચંપો, રાતરાણી અને બોગનવેલ જેવા ફૂલછોડ ઉછેર્યાં હતાં. તેના ક્યારા તેઓ જાતે કરતા અને પાણી પાતા. ૧૯૩૬,૧૯૩૯ અને ૧૯૪૨માં ગાંધીજી પણ ત્યાં આવીને રહ્યા હતા. ગાંધીજી આવવાના હોય ત્યારે ‘મહાત્માજીની છાવણી આવવાની છે’ તેવું વલ્લભભાઈ કહેતા અને બધી વ્યવસ્થા કરાવતા.

ગાંધીજી અને સરદાર વચ્ચે બહુ આત્મીય સંબંધો હતા. કોઈવાર મતભેદ થયા હોય ત્યારેય હદયની ઉષ્મામાં કશો ફેર પડતો નહીં. વલ્લભભાઈ પોતાના મુખથી કદી કશું બોલી બતાવતા નહીં પણ અનાયાસ જ ઘણી વાર તેમનો ગાંધીજી પ્રત્યેનો પ્રેમ પ્રગટ થઈ જતો. એક વાર કોઈ બાબતમાં ગાંધીજીએ કહ્યું કે ‘હું મરવા પડ્યો હોઉ ત્યારે પણ મારો સંદેશો આવો જ હશે.’ આ સાંભળી વલ્લભભાઈએ તેમને ઠપકો આપતાં કહેલું, ‘તમે અમને અહીં લઈ આવ્યા છો અને હવે એકલા જ ચાલી જવા માંગો છો?’ ફરી એક વાર ગાંધીજીએ મરણની વાત કહી ત્યારે તેમનો જવાબ કેટલો જલદ હતો તે જુવો. તા-૧૧/૦૬/૧૯૩૨ સરદારઃ ‘તમારો દુખાવો અંગુઠાથી શરૂ થઈ ને કોણી સુધી પહોંચ્યો છે. હવે ખભા સુધી ચડશે. હવે તો કાંતવાનું બંધ કરો.’ બાપુ : ‘કોઈક દિવસ તો બીજાના ખભા ઉપર ચડીને જવાનું જ છે ને?’ સરદારઃ- ‘ના,ના, અમને રખડાવીને જશો નહીં. પહેલા વહાણ બંદરમાં લાવો, પછી જ્યાં જવું હોય ત્યાં જજો, અને હું સાથે આવીશ.’

આવા હતા ગાંધી અને સરદારના સંબંધો. એ વખતે કોંગ્રેસ એટલે ગાંધી, સરદાર અને રાજાજી કહેવાતું હતું. અને આમાંથી કોઈ હિંદુવાદી ગણાતા ન હતા. હિંદુવાદીઓ તો એમના વિરોધમાં હતા. માન્યામાં નથી આવતું ને ? કોઈક દિવસ ઈતિહાસ પણ વાંચવો જોઈએ, જેથી ખબર પડે કે આપણા વહાલા નેતાઓ આપણને ઊંઠાં તો નથી ભણાવતા ને?

# ગીતાજીનો પવિત્ર સંદેશ ઝીલી સાચા અર્થમાં ધનુર્ધર પાર્થ બનવાનો સંકલ્પ કરીએ





**લાગણીનો મેળો**

રસિક વાળંદ

ગીતા સંદેશ કેવો દિવ્ય હિતકારી.
સમજાવે જીવનમાં રાખવી ખુમારી.

●●●

આજે માગશર સુદ અગિયારસ. મોક્ષદા એકાદશી.

યોગેશ્વર શ્રીકૃષ્ણના શ્રીમુખે ગીતામૃત સ્ત્રવ્યુ. તેથી આજના મહાપવિત્ર દિવસને આપણે ‘ગીતાજયંતિ’ રુપે ઉજવીએ છીએ.

ગ્રંથ - પુસ્તકની બર્થડે ઊજવાય એ અદ્વિતીય વિરલ ઘટના એક માત્ર ‘શ્રીમદ્ ભગવત્ ગીતા’ ની વિશેષતા છે.

દેશ-વિદેશમાં અનેકાનેક મહામાનવોના જીવનમાં ગીતા વણાઈ ચૂકી છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી કહેતા, ‘મુશ્કેલીમાં હું ગીતા જ્ઞાનના શરણે જાણું છું.’ માનવજીવનના સઘળી સવાલોના ઉકેલા ગીતાજીમાં છે. એટલે જ કહેવાય છે, “Gita in note Bible of Hunduism but it is the Bible of Mumanity” શ્રીમદ્ ભગવદ્ગીતા વૈશ્વિક ગ્રંથ છે...

જીવનગ્રંથ છે. અનેક ભાષ્યો લખાયાં... લખાતાં રહેશે... ગીતાના દોહનમાં નિત નવા અર્થો સાંપડતા રહે છે.

પાંચ હજાર વર્ષ પૂર્વે ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે પર અદ્વિતીય યોદ્ધાના ગાત્રો ઢીલાં થયા... ધનુષ્ય બાણ હાથમાંથી સરી પડ્યા... બેચેન શોક સંતપ્ત અર્જુનના વિષાદને નિર્મૂળ કરવા ભગવાન શ્રીકૃષ્ણે તેને ગીતામૃત પાયુ... પછી તો... કરિષ્યે વચન્ તવ... કહી ઊભો થયો ને વિજયશ્રીને વર્યો.

મનથી મરી ગયેલા - હિંમત હારી ચૂકેલા શોકાતુર અર્જુનને ગીતામૃત ભાઈને યોગેશ્વરે પ્રાણ પૂર્યા... વિષાદમુક્ત કર્યો આ તો પાંચ હજાર વર્ષ પુરાણી ઘટના !!

દોસ્તો ! વર્ષો પુરાણો વિષાદ - મનની વ્યાકુળતા (બેચેની) આજે ‘મનોરોગ’ ના નામે વ્યાપક થયો છે. મનની વ્યાકુળતા વ્યાધિઓને નોંતરે છે. મોટાભાગના રોગોના મૂળમાં માનવમનની વ્યાકુળતા - બેચેની જ જવાબદાર હોય છે. સુખ-સાહ્યબી વધી છતાં સૌ અશાંત-બેચેન... કારણ છે તેના કરતાં વધુ મેળવવાની લાલસા... ન મળે એટલે બેચેન... બેચન બન્યા... હતોત્સાહ થયા એટલે કામ કરવાનું મન ન થાય... કર્મથી દૂર ભાગ્યા... આ થઈ પલાયનવૃત્તિ એટલે ‘કૈબલ્યં’ - નમર્દાઈ.

આજે આપણા વિદ્યાર્થીઓ બેચેન... ગૃહસ્થી બેચેન... વેપારી મંદિથી બેચેન... પ્રેમ ન મળવાથી બેચેન... વડીલો ઉપેક્ષાની બેચેન... રોગ આવ્યો તો બેચેન... ઉપરાઉપરી નિષ્ફળતા મળે તો બેચેન.... બેચેનીની સર્વવ્યાપકતા હતાશા જન્માવે. આખરે વ્યક્તિ મૂંઝાય... ધૂંધવાય... રસ્તો ન સૂઝે ત્યારે શક્ય છે આત્મઘાતી પગલું ભરવા મજબૂર થાય.

સુખ-સફળતા - સિદ્ધિની ઝંખના જેટલી વધુ તેટલી વ્યાકુળતા પણ વધારે. આમ વિષાદનું કારણ છે અહંકાર અને મોહ. ગીતા જ્ઞાનનો અભ્યાસ - સ્વાધ્યાય જ વ્યક્તિના અહં અને મોહને દૂર કરે. સ્વાધ્યાય થકી ગીતાજ્ઞાન પચે તો જ સહજ - સરળ, સુખી ને આનંદી થવાય... ખેર, આ માટે ગીતા વાંચવી સમજવી રહી...

મિત્રો! ગીતામાં ભગવાને અનેક વિચાર મોતી વેરી નાખ્યાં છે. એકાદ માણેક-રત્ન હાથ લાગી જાય તો બેડો પાર થઈ જાય.

એક રાજાનો રાજકુંવર કૈંક મનદુઃખ થતાં નારાજ થઈને ચાલ્યો ગયો. રાજાને ખૂબ પશ્ચાતાપ થયો. વર્ષો પછી સમાચાર મળ્યા. અમુક જંગલમાં તે છે, પણ કોઈ શોધવા જાય તો તે છૂપાઈ જાય છે. રાજાએ પોતાના માણસોને જંગલમાં જઈને હજારો રત્નો વેરી આવવા કહ્યું, ‘મારો દીકરો મને મળે કે ન મળે, પણ એકાદ રત્ન પણ તેના હાથ લાગશે તો તે સુખેથી જીવી શકશે.’

આપણે પણ સૌ ભગવાનનાં સંતાનો છીએ. ભગવાન જયારે મળવાના હોય ત્યારે મળે પમ ગીતામાં તેમણે વેરેલાં વિચાર રત્નોમાંથી એકાદ પણ આપણે પામી લઈએ તો જીવન ધન્ય બની જાય.

‘નિયતં કુરુ કર્મત્વમ્, ‘યોગઃ કર્મસુ કૌશલમ્’, ન મે ભક્તઃ પ્રણશ્યતિ’, ‘યોગક્ષેમં વહામ્યહમ્’... આવાં અનેક રત્નો ગીતામાં પડ્યા છે. એકાદ પણ જો આત્મસાત્ થઈ જાય તો માણસ પરમાનંદને પામી શકે.

દોસ્તો, અંતમાં ગીતાપાઠ જીવનપાઠ બની રહે તો જ ગીતાજંયતી ઊજવી કહેવાય. ગીતાજીનો પવિત્ર સંદેશ ઝીલી સાચા અર્થમાં ધનુર્ધર પાર્થ બનવાનો સંકલ્પ કરીએ. ભગવાન યોગેશ્વર આપણી વૃત્તિ અને બુદ્ધિ તેવી બનાવે અને આપણી શક્તિને વધારે સતેજ કરે એ જ પ્રાર્થના!!!

***સ્પર્શમણિ :***

ગીતાજ્ઞાનનો પચાવનાર માણસનું તન પુષ્ટ હોય, મન મસ્ત હોય, બુદ્ધિ વિવેકી હોય આત્મા (હૃદય) પ્રસન્ન હોય અને તેના અંતઃકરણમાં શાંતિ જ શાંતિ હોય.

સાચા સંતો, ઋષિઓ તેમજ આચાર્યો એ ગીતાનું દૂધ પાઈને સમાજને સદા પુષ્ટ કર્યો છે. દૂધ ઢોળાઈ જાય તો અપશુકન થયા એવું કહેવાય છે. સામાજિક દૂળ ઢોળાય તો કોઈકને થોડુંક વ્યક્તિગત આર્થિક નુકશાન થાય, પણ ખરા અપશુકન તો દુગ્ધં ગીતામૃતં મહત્ - ગીતાનું દૂધ ઢોળાઈ જાય ત્યારે થાય. ગીતાની ઉપેક્ષા કે અવગણના આ દેશમાં થાય તો એનાથી મોટા અપશુકન આ દેશ માટે બીજાં ન હોઈ શકે. ગીતા તો આ દેશનું ગૌરવ છે. ગીતા જ્ઞાનથી તો આ દેશ શ્રીમંત અને વૈભવવાન છે. સમજદારીપૂર્વકનો ગીતોનો સ્વાધ્યાય આ દેશને સાચા અર્થમાં સુજલામ સુફલામ મલયજશીતલામ બનાવી શકે એ નિઃશંક વાત છે.

- હરિભાઈ કોઠારી

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949